# ઓનલાઇન થાવ

આ ફોર્મ ભરવું ઝડપી અને સરળ છે, અહીં
gov.uk/register-to-vote

# મત આપવા નોંધણી કરાવો

## મત આપવા નોંધણી કરાવવી

**તમે મત આપવા નોંધણી કરાવી શકો છો જો તમે આ પાત્રતા ધરાવતા હો:**

- યુકેમાં રહેવાસી હો (સામાન્ય રીતે રહેતા હો) અને તમારી ઉંમર 16 વર્ષ કે વધારે હોય (પરંતુ તમે 18 વર્ષના થાવ નહિ ત્યાં સુધી મત આપી શકશો નહીં).

**તમે આ પાત્રતા પણ અચૂક ધરાવતા હોવા જોઇએ:**

- એક બ્રિટિશ, આઇરિશ કે યુરોપીયન યુનિયનના નાગરિક હો, અથવા
- કોમનવેલ્થ (રાષ્ટ્રમંડળ) નાગરિક હો જેઓ યુકેમાં પ્રવેશવાની અથવા રહેવાની પરવાનગી ધરાવતા હોય અથવા જેઓને આવી પરવાનગી જરૂરી ના હોય.

આ ફોર્મમાં માગેલી તમામ માહિતી અચૂક પૂરી પાડવી રહી (સિવાય કે અન્યથા વર્ણવ્યું હોય) અથવા તમારી અરજી વિલંબિત થઇ શકે.

## 1 તમારું નામ અને સરનામું

પહેલું નામ(મો) ____________________

અટક ____________________

તમારું સરનામું ____________________

પોસ્ટકોડ ____________________

શું તમે બીજા કોઇ સરનામે પણ રહો છો? મહેરબાની કરીને ટિક કરો. ☐ ના ☐ હા

જો હા તો, તમારે આ સરનામું અમને અત્યારે આપવું પડતું નથી પરંતુ અમે વધારે માહિતી પછીથી માગીએ તેવું બની શકે.

ફોન નંબર (વૈકલ્પિક) ____________________

ઇમેલ (વૈકલ્પિક) ____________________

ઇમેલ સરનામું અથવા ફોન નંબર પૂરો પાડવાથી તમારી અરજી વિશે તમારો સંપર્ક કરવો ઝડપી અને સરળ બની જાય છે.

### ખોટી માહિતી

જો અમારી પાસે રહેલી છાપેલી માહિતી ખોટી હોય તો, કૃપા કરી તેને ચેકી નાખો અને સાચી માહિતી લખો.

## 2 તમારી રાષ્ટ્રીયતા

____________________

જો તમે એકથી વધારે રાષ્ટ્રીયતા ધરાવતા હો તો, કૃપા કરી તે તમામનો સમાવેશ કરો.
(શું તમને તમારી રાષ્ટ્રીયતા ખબર નથી? કૃપા કરી વિભાગ 9 જુઓ).

(વધુ માહિતી પાન 4 પર)

## 3 શું તમે વિતેલા 12 મહિનામાં ઘર બદલ્યું છે?

મહેરબાની કરીને ટિક કરો. ☐ ના ☐ હા જો હા તો, કૃપા કરી તમે ગયા વર્ષ દરમિયાન જ્યાં રહ્યા હો તેવું કોઇ ભૂતપૂર્વ સરનામું જણાવો નહિતર તમારી અરજી વિલંબિત થઇ શકે.

____________________

પોસ્ટકોડ ____________________

જો આ સરનામું વિદેશનું હોય તો, શું તમારી નોંધણી યુકેમાં ઓવરસીઝ વોટર (વિદેશી મતદાતા) તરીકે થઇ હતી? મહેરબાની કરીને ટિક કરો. ☐ ના ☐ હા

( Barcode goes here )

## 4 તમારી જન્મ તારીખ

દિ દિ | મ મ | વ વ વ વ

જો તમે તમારી જન્મ તારીખ જાણતા ન હો, તો કૃપા કરી નિશાની કરો કે આમાંથી તમને કઇ ઉંમર લાગુ પડે છે: 18 વર્ષથી ઓછી ☐ 18-75 વર્ષ ☐ 76 વર્ષ કે વધારે ☐

(શું તમને તમારી જન્મ તારીખ ખબર નથી? કૃપા કરી વિભાગ 9 જુઓ). (વધુ માહિતી પાન 4 પર)

## 5 તમારો નેશનલ ઇન્સ્યોરન્સ નંબર

તમે આ તમારી પે-સ્લિપ, અથવા કર, પેન્શન કે લાભોને લગતા સત્તાવાર પત્રો પર શોધી શકો છો.

☐☐ ☐☐ ☐☐ ☐☐ ☐ (શું તમને તમારો નેશનલ ઇન્સ્યોરન્સ નંબર ખબર નથી? કૃપા કરી વિભાગ 9 જુઓ).

## 6 શું તમે તમારું નામ બદલ્યું છે?

કૃપા કરી અમને તમારું સૌથી તાજેતરનું ભૂતપૂર્વ નામ જણાવો (વૈકલ્પિક).

કૃપા કરી અમને તમારું નામ બદલ્યાની તારીખ જણાવો (વૈકલ્પિક). દિ દિ | મ મ | વ વ વ વ

(વધુ માહિતી પાન 4 પર)

## 7 પોસ્ટ અથવા પ્રોક્સી દ્વારા મતદાન?

કૃપા કરીને ટીક કરો કે તમે કેવી રીતે મત આપવા માંગો છો અને અમે તમને એક એપ્લિકેશન ફોર્મ મોકલીશું, અથવા તમે **electoralcommission.org.uk/voter** પરથી એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરી શકો છો. જો તમે મતદાન મથક પર રૂબરૂ મત આપવા માંગતા હો, તો આ વિભાગને ખાલી રાખવો જોઈએ.

☐ ટપાલ દ્વારા ☐ પ્રોક્સી (પ્રતિનિધિ) દ્વારા (તમારા વતી મત આપનાર કોઇ વ્યક્તિ)

## 8 ઓપન રજીસ્ટર

ઓપન રજીસ્ટર એ ઇલેક્ટોરલ રજીસ્ટરનો ઉતારો હોય છે, પરંતુ તેનો ઉપયોગ ચૂંટણીઓ માટે થતો નથી. તે કોઈપણ દ્વારા ખરીદી શકાય છે અને નામ અને સરનામાંની વિગતોની પુષ્ટિ અને પ્રત્યક્ષ માર્કેટિંગ હેતુઓ સહિત ઘણા હેતુઓ માટે ઉપયોગ કરી શકાય છે.

કૃપા કરી નિશાની કરશો જો તમે તમારું નામ અને સરનામું ઓપન રજીસ્ટરમાં સમાવાય નહિ તેમ ઇચ્છતા હો ☐ (વધુ માહિતી પાન 4 પર)

## 9 શું તમને તમારી રાષ્ટ્રીયતા, જન્મ તારીખ કે નેશનલ ઇન્સ્યોરન્સ નંબર ખબર નથી? કૃપા કરી કેમ તે અમને જણાવો

જો તમે આ વિગતો પૂરી પાડી શકો નહિ તો, અમે તમને અન્ય પુરાવાઓ વિશે પૂછી શકીએ,

## 10 ઘોષણા

હું હાલમાં આ સરનામે રહું છું. મારા શ્રેષ્ઠ જ્ઞાન મુજબ, આ ફોર્મમાંની માહિતી સાચી છે.
હું સમજુ છું કે આ ફોર્મ પર મેં આપેલી માહિતીનો ઉપયોગ ઇલેક્ટોરલ રજીસ્ટર પર કરવામાં આવશે.
હું સમજુ છું કે જો મારે નોંધણી માટે અરજી કરવાની જરૂર હોય ત્યારે તે ના કરું તો, મારે £80 નો દંડ ભરવો પડી શકે છે. હું સમજુ છું કે આ ફોર્મમાં ખોટી માહિતી જાણી જોઇને પૂરી પાડવી એ ગુનો બને છે અને જો હું ગુનેગાર સાબિત થઉ તો મને છ મહિના સુધીની કેદ અને/અથવા અસીમિત દંડ ભરવો પડી શકે.

**સહી**

**આજની તારીખ**

દિ દિ | મ મ | વ વ વ વ

જો તમને આ ફોર્મ ભરવામાં મદદ જોઇતી હોય તો, કૃપા કરી અમારો સંપર્ક પાન 1 પરની વિગતોનો ઉપયોગ કરીને કરો.

( *Barcode goes here* )

## તમારી રાષ્ટ્રીયતા

તમે યુકેમાં મત આપવા માત્ર ત્યારે જ નોંધણી કરાવી શકો છો જો તમે એક બ્રિટિશ (ઇંગ્લિશ, સ્કોટિશ, વેલ્શ અથવા ઉત્તરી આયર્લેન્ડ સહિત), આઇરિશ કે યુરોપીયન યુનિયનના નાગરિક હો, અથવા કોમનવેલ્થ (રાષ્ટ્રમંડળ) નાગરિક હો જેઓ યુકેમાં પ્રવેશવાની અથવા રહેવાની પરવાનગી ધરાવતા હોય અથવા જેઓને આવી પરવાનગીની જરૂર ના હોય. અમને તમારી રાષ્ટ્રીયતા વિશે વધારાના પુરાવાની જરૂર પડી શકે અથવા અમે સરકારી રૅકોર્ડ્સમાં તમારી રાષ્ટ્રીયતા કે ઇમિગ્રેશન સ્થિતિ ચકાસી શકીએ. જો તમે એકથી વધારે રાષ્ટ્રીયતા ધરાવતા હો તો, કૃપા કરી તે તમામનો સમાવેશ કરો.

## તમારી જન્મ તારીખ

જો તમને તમારી જન્મ તારીખ ખબર ના હોય તો, કૃપા કરી સત્તાવાર દસ્તાવેજો (દાખલા તરીકે, તમારો પાસપોર્ટ કે ડ્રાઇવિંગ લાઇસન્સ) પર તમે આપેલી તારીખ જણાવો અથવા નીચેનામાંથી એક ખાના પર નિશાની કરો. તમારી જન્મ તારીખથી તમને ઓળખ મળે છે, તમારી મત આપવાની પાત્રતાની ખાતરી થાય છે અને તેનો ઉપયોગ જૂરી સર્વિસ માટે તમને બોલાવવા કરી શકાય છે.

## શું તમે તમારું નામ બદલ્યું છે?

દાખલા તરીકે, તમે પરણ્યા હો અને તમારું નામ બદલ્યું હોઇ શકે. તમારે અમને તમારું નામ બદલ્યાની વિગતો આપવી પડતી નથી પરંતુ તે અમને તમારી ઓળખ કરવામાં મદદરૂપ થશે. જો આ માહિતી આપી ના હોય તો પછી તમારે વધારાના દસ્તાવેજી પુરાવાઓ પૂરા પાડવાની જરૂર પડી શકે.

## ઓપન રજીસ્ટર

**બે રજીસ્ટર્સ હોય છે. કેમ?** જાહેર જનતા પાસેથી મેળવેલી માહિતીનો ઉપયોગ કરીને, નોંધણી અધિકારીઓ બે રજીસ્ટરો રાખે છે – ઇલેક્ટોરલ રજીસ્ટર અને ઓપન રજીસ્ટર (એડિટેડ (સુધારેલું) રજીસ્ટર પણ કહેવાય છે).

**ઇલેક્ટોરલ રજીસ્ટરમાં** જાહેર ચૂંટણીઓમાં મત આપવા નોંધાયેલી દરેક વ્યક્તિના નામો અને સરનામાઓની યાદી હોય છે. રજીસ્ટરનો ચૂંટણીલક્ષી હેતુસર, જેમ કે માત્ર પાત્રતા ધરાવતા લોકો મત આપી શકે તેવી ખાતરી કરવા માટે ઉપયોગ થાય છે. તે કાયદામાં ઉલ્લેખિત અન્ય સીમિત હેતુસર પણ વપરાય છે, જેમ કે:

- ગુનો શોધી કાઢવો (દા.ત. છેતરપિંડી)
- જૂરી સર્વિસ માટે લોકોને બોલાવવા
- ક્રેડિટ અરજીઓ તપાસવી

**ઓપન રજીસ્ટર** એ ઇલેક્ટોરલ રજીસ્ટરનો ઉતારો હોય છે, પરંતુ તેનો ઉપયોગ ચૂંટણીઓ માટે થતો નથી. તેને કોઇપણ વ્યક્તિ, કંપની કે સંસ્થા ખરીદી શકે છે. ઉદાહરણ તરીકે, તેનો ઉપયોગ ધંધાઓ અને ધર્માદા સંસ્થાઓ દ્વારા નામ અને સરનામાઓની વિગતોની ખાતરી કરવા થાય છે. તમારું નામ અને સરનામું ઓપન રજીસ્ટરમાં સમાવવામાં આવશે સિવાય કે તમે તે વિગતો કાઢી નાખવા કહો. ઓપન રજીસ્ટરમાંથી તમારી વિગતો કાઢી નાખવાથી તમારા મત આપવાના અધિકાર પર અસર થતી નથી.

જો તમે ચિંતિત હો કે રજીસ્ટર પર તમારું નામ કે સરનામું હોવાથી તમારી સુરક્ષા પર અસર થઇ શકે તો, તમને અન્ય વિકલ્પો ઉપલબ્ધ થઇ શકે છે. ચોક્કસ સંજોગોમાં, તમે રજીસ્ટર પર તમારું નામ અને સરનામું દેખાડ્યા વગર નોંધણી કરાવી શકો છો. વધુ માહિતી મેળવવા, કૃપા કરી તમારી ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસનો (ચૂંટણીલક્ષી નોંધણી કાર્યાલયનો) સંપર્ક કરો. તમે તેઓનું સરનામું આ ફોર્મના પાન 1 પર શોધી શકો છો. તમે બંને રજીસ્ટરો વિશે વધુ માહિતી અને તેનો ઉપયોગ કરવાની રીત વેબસાઇટ **gov.uk/register-to-vote** પર જોઇ શકો છો.

## ગુપ્તતા કથન

અમે લોકપ્રતિનિધિત્વ ધારા 1983 અને તેના સંબંધિત નિયમોમાં દર્શાવેલ મુજબ જાહેર હિતમાં હાથ ધરવામાં આવેલ કાર્યના કાનૂની આધાર હેઠળ માહિતી એકત્રિત કરીએ છીએ. અમે અંગત માહિતીનો ઉપયોગ સુરક્ષિત રીતે કરીશું અને ડેટા સંરક્ષણ વિધાન અનુસરીશું.

જો તમે ઓપન રજિસ્ટરને પસંદ કરતા નથી, તો અમે ફક્ત તમે ચૂંટણીના હેતુઓ માટે આપેલી માહિતીનો જ ઉપયોગ કરીશું, જેમાં ચુંટણી સંબંધિત રજીસ્ટરમાં મદદ માટે ડેટાને અન્ય સ્રોતો સાથે મેચ કરવો શામેલ છે. કાયદા દ્વારા જરૂરી ન હોય ત્યાં સુધી અમે બીજા કોઈને વ્યક્તિગત માહિતી આપીશું નહીં. અમે, જ્યારે તમે ક્રેડિટ માટે અરજી કરો છો ત્યારે તમારી ઓળખ ચકાસવા હેતુ લોકતાંત્રિક જોડાણના હેતુઓ અને ક્રેડિટના સંદર્ભની એજન્સીઓ માટે ઉમેદવારો, રાજકીય પક્ષો અને પ્રચારકો સાથે તમારી માહિતી શેર કરીએ તે કાયદા દ્વારા જરૂરી છે.

જો તમે ઓપન રજિસ્ટરમાંથી <u>પસંદ કરતા</u> નથી, તો તમારું નામ અને સરનામું કોઈપણ દ્વારા ખરીદી શકાય છે અને તેનો પ્રત્યક્ષ માર્કેટિંગ સહિત ઘણા હેતુઓ માટે ઉપયોગ કરી શકાય છે.

ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર પોતે કંટ્રોલર હોય છે: તેઓ વ્યક્તિગત ડેટા પર કેવી રીતે પ્રક્રિયા કરે છે તે માટે તેમની પાસે ગોપનીયતા સૂચના તરીકે ઓળખાતો કોઈ નીતિ દસ્તાવેજ હોવો આવશ્યક છે. «Web 2» પરની ગોપનીયતા સૂચનાનો સંદર્ભ લો
અથવા નકલની વિનંતી કરવા માટે અમારો સંપર્ક કરો. «ERO name» «ERO address» «ERO telephone»

## શું આ ફોર્મમાં સમસ્યાઓ છે?

**તમારા ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસરનો સંપર્ક કરો જો તમને આ ફોર્મ સમજવામાં કે ભરવામાં કોઇ મદદની જરૂર હોય – અથવા જો તમને આ ફોર્મ મોટા અક્ષરોમાં કે બીજા કોઇ સ્વરૂપે જોઇતું હોય. તમે તેઓની વિગત આ ફોર્મના પાન 1 પર શોધી શકો છો.**

( *Barcode goes here* )